**જાહેરાત ક્રમાંક – ૨૪/૨૦૨૫, તા.૨૫/૧૧/૨૦૨૫માં દર્શાવેલ ક્રમાંક – ૧ અને ૨ મુજબની જગ્યાઓ માટેની પરીક્ષાની પધ્ધતિ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.**

**(પી.એસ. ટુ વી.સી. અને પી.એ. ટુ રજીસ્ટ્રાર)**

## ક ) <u>લેખિત પરીક્ષા - A</u>

સદર જગ્યા સંબધિત જાહેરાતમાં દર્શાવ્યા મુજબની લાયકાત ધરાવતા તમામ ઉમેદવારોની નીચેની વિગતે ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) / M.C.Q પધ્ધતિથી હેતુલક્ષી પ્રશ્નોની લેખિત પરીક્ષા લેવાશે.સદર **લેખિત પરીક્ષા – A** ના અભ્યાસક્રમનું ધોરણ અને વિષયવસ્તુ જે તે જગ્યા માટે જાહેરાતમાં માંગેલ શૈક્ષણિક લાયકાતના વિષયોને અનુરૂપ રહેશે. **લેખિત પરીક્ષા – A** માં કુલ પ્રશ્નો - ૧૦૦, કુલ ગુણ – ૧૦૦ અને સમય - ૯૦ મિનિટનો રહેશે.

**લેખિત પરીક્ષા - A નું માળખું નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનું રહેશે.**

| ક્રમ | વિગત | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | **સામાન્ય જ્ઞાન (General Knowledge)** | ૨૫ | ૯૦ મિનિટ |
| ૨ | **ગુજરાતી કોમ્પ્રીહેન્સન અને વ્યાકરણ** | ૧૦ | |
| ૩ | **English Comprehension and Grammer** | ૧૦ | |
| ૪ | **ગાણિતિક અને તાર્કિક કસોટીઓ (Reasoning and Quantitative Aptitude)** | ૧૦ | |
| ૫ | **કોમ્પ્યુટર અંગેનું સામાન્ય જ્ઞાન (Computer General Knowledge)** | ૧૦ | |
| ૬ | **સંબંધિત જગ્યા/વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો** | ૩૫ | |
| | **કુલ ગુણ** | ૧૦૦ | |

**ઉક્ત મુજબની લેખિત પરીક્ષા – Aનો વિગતવાર અભ્યાક્રમ આ સાથે સામેલ એનેક્ષર – ૧માં દર્શાવેલ છે.**

૧) **લેખિત પરીક્ષા - A** Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે.
- દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે.
- ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
- ખોટા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.
- દરેક પ્રશ્નના જવાબોમાં O.M.R. ઉત્તરપત્રમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "E" "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહી.
- પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

૨) **લેખિત પરીક્ષા - A**ના પ્રશ્નપત્રની ભાષા અંગ્રેજી અને ગુજરાતી રહેશે.

૩) **લેખિત પરીક્ષા - A**માં મેરીટના ધોરણે ઉતિર્ણ થનાર કુલ ખાલી જગ્યાના ૦૬ (છ) ગણા ઉમેદવારોને ઈન્ટરવ્યું માટે બોલાવવામાં આવશે.

૪) **લેખિત પરીક્ષા – A**નું લધુતમ લાયકી ધોરણ ૪૦ % રહેશે.

૫) જો એક કરતા વધુ ઉમેદવારોના **લેખિત પરીક્ષા- A**માં સરખા ગુણ થાય તો નીચેના ટાઈબેક્રરના નિયમો ધ્યાને લેવામાં આવશે.

૧) સૌથી ઓછા ખોટા ઉત્તર આપનાર ઉમેદવાર.
૨) સ્નાતક કક્ષાના કુલ ગુણના આધારે વધુ ટકાવારી મેળવનાર ઉમેદવાર.
૩) જન્મતારીખને ધ્યાને લઈને વધુ ઉંમર ધરાવનાર ઉમેદવાર.

૬) પ્રમાણપત્રોની ખરાઈ માટે જે તારીખ અને સમય યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવે તે તારીખ અને સમયે ઉમેદવારે જ અચુક હાજર રહેવાનું રહેશે.

૭) પ્રમાણપત્રોની ચકાસણી માટે ગેરહાજર રહેલ ઉમેદવારો, પ્રમાણપત્રોની ચકાસણી માટે જરૂરી આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ રહેલ ઉમેદવારો તેમજ જાહેરાત મુજબ નિયત લાયકાત/અનુભવ ધરાવતા ન હોય તેવા તમામ ઉમેદવારોને ગેરલાયક (Disqualified) ઠરાવવામાં આવશે.

૮) પ્રમાણપત્રોની ચકાસણીને આધારે જે ઉમેદવારો ચકાસણીમાં લાયક ગણાશે તેઓ **ઈન્ટરવ્યું**માં ઉપસ્થિત થવા માટે લાયક (Qualified) ઠરાવવામાં આવશે. આવા ઉમેદવારોએ **ઈન્ટરવ્યું** અચૂક આપવાનો રહેશે.

૯) **ઈન્ટરવ્યું**ની તારીખ અને સમય યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવામાં આવશે. આ અંગેનો કોઈ વ્યક્તિગત પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.

૧૦) પ્રમાણપત્રોની ચકાસણી માટે અરજદારને બોલાવવા માત્રથી ઉમેદવાર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હક્કદાર થશે નહિ તેમજ નિમણૂંક બાબતે યુનિવર્સિટીના કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

## ખ ) પસંદગીના ધોરણો

૧) લઘુત્તમ લાયકી ધોરણ - પસંદગી યાદી તથા પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટેનું લઘુત્તમ લાયકી ધોરણ અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે **લેખિત પરીક્ષા- A** (૪૦%) ગુણ ભારાંક રહેશે. **લેખિત પરીક્ષા- A** માં મેરીટના ધોરણે ઉતિર્ણ થનાર ઉમેદવારોને જ ઈન્ટરવ્યું માટે બોલાવવામાં આવશે.

૨) પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી **લેખિત પરીક્ષા – A** તથા **ઈન્ટરવ્યું**માં મેળવેલ કુલ ગુણના આધારે પ્રમાણપત્રોની ચકાસણીના અંતે તૈયાર કરવામાં આવશે.

૩) ઉમેદવારોની આખરી પસંદગી યાદી તૈયાર કરતી વખતે ૧૦૦ માર્કસની ગણતરી નીચે મુજબ કરવી.

૧) **લેખિત પરીક્ષા - A** માં ઉમેદવારે મેળવેલ માર્કસને પ્રોરેટા ૫૦માં રૂપાંતરિત કરવા.

૨) ઈન્ટરવ્યુંમાં કુલ ૫૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ માર્કસ.

૩) ઉક્ત બંને પરીક્ષામાં મેળવેલ ગુણનો સરવાળા કરવો .

૪) પ્રતિક્ષાયાદી કુલ ખાલી જગ્યાના ૧૦ ટકા મુજબ તૈયાર કરવામાં આવશે.

૫) ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંક - વસ/૧૦૨૦૦૩/૯૦૦/ગ-૪, તા.૨૩/૭/૨૦૦૪ ની જોગવાઈઓ ધ્યાને લઈ સામાન્ય કેટેગરીના ઉમેદવારોને જે વયમર્યાદાના અને ગુણવત્તા (મેરીટ)ના ધોરણ લાગુ પાડવામાં આવ્યા હોય તે જ ધોરણે પસંદગી પામેલ હોય એવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વગ તથા આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સામાન્ય કેટેગરી (બિનઅનામત) ની જગ્યા સામે સરભર કરવામાં આવશે. પરંતુ સામાન્ય કેટેગરી માટે નિયત થયેલ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મેળવીને પસંદગી પામેલા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક પછાત તથા આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જે તે અનામત કેટેગરીની જગ્યા સામે પસંદ કરવામાં આવશે.

૬) ઉમેદવાર પોતે ઉપરોક્ત જગ્યાઓની મેરીટ યાદી/પસંદગી યાદી/ભલામણ યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો હકક દાવો કરવાને હકદાર થશે નહિ. સરકારશ્રી /યુનિવર્સિટીના વખતો વખતના ઉપરોકત જગ્યાઓના ભરતી નિયમો તેમજ ઓનલાઈન અરજી અન્વયે આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) ક્સોટીમાં હાજર રહેલ ઉમેદવારે મેળવેલ ગુણ અને ઓનલાઈન અરજીમાં દર્શાવેલ વિગતોને આધારે તમામ ઉમેદવારોનું મેરીટ લીસ્ટ તૈયાર કરીને જે તે કેટેગરીમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાઈઝ મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ (Provisional) પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ કામચલાઉ (Provisional) પસંદગી યાદીમાં સ્થાન પામેલ ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવશે અને ચકાસણીના અંતે નિમણુંક મેળવવાને પાત્ર જણાયેલ ઉમેદવારોની મેરીટ ક્રમ /પસંદગી ક્રમને આધારે આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે યુનિવર્સિટી / જાહેર સેવા સારૂ તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક 'રદ' કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે નિમણૂંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

# એનેક્ષર – ૧

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | **સામાન્ય જ્ઞાન (General Knowledge)**<br>• ભારતનો ઈતિહાસ (History of India)<br>• ગુજરાતનો ઈતિહાસ (History of Gujarat)<br>• ગુજરાતનો ભૂગોળ (Geography of Gujarat)<br>• ભારતની રાજવ્યવસ્થા અને બંધારણ (Indian Polity & Constitution)<br>• પ્રાદેશિક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની મહત્વની સાંપ્રત ઘટનાઓ (Current events of state, national and international importance) | ૨૫ | ૯૦ મિનીટ |
| ૨ | **ગુજરાતી કોમ્પ્રીહેન્સન અને વ્યાકરણ**<br>• સમીક્ષા, અર્થઘટન અને અનુમાનના કૌશલ્યનું મૂલ્યાંકન ગદ્યખંડ(પેરેગ્રાફ) આપવામાં આવશે અને ગદ્યખંડના આધારે પ્રશ્નો પૂછવામાં આવશે.<br>• સંધિ, સમાસ, અલંકાર, છંદ, જોડણી, પર્યાય અને વિરોધી શબ્દો | ૧૦ | |
| 3 | **English Comprehension and Grammer**<br>• To assess comprehension, interpretation, and inference skills, a paragraph will be given followed by a set of questions based on the paragraph.<br>• Parts of Speech, Types of Sentences, Articles, Tenses, Subject-Verb Agreement, Modals, Voice, Direct & Indirect Speech. | ૧૦ | |
| ૪ | **ગાણિતિક અને તાર્કિક કસોટીઓ (Reasoning and Quantitative Aptitude)**<br>• ઉંમર સંબંધિત પ્રશ્નો (Problems on Ages)<br>• વેન આકૃતિઓ (Venn Diagram)<br>• દ્રશ્ય આધારિત તાર્કિક પ્રશ્નો (Visual Reasoning)<br>• તાર્કિક અંકગણિત (Arithmetic Reasoning)<br>• માહિતીનું અર્થઘટન (ચાર્ટ, આલેખ,કોષ્ટક) (Data Interpretation (Chart, Graphs, Tables))<br>• સંખ્યા પધ્ધતિ (Number System)<br>• સાદું રૂપ અને બીજગણિત (Simplification and Algebra)<br>• સરેરાશ (Average)<br>• ટકાવારી (Percentage)<br>• નફો-ખોટ (Profit - Loss) | ૧૦ | |
| ૫ | **કોમ્પ્યુટર અંગેનું સામાન્ય જ્ઞાન (Computer General Knowledge)**<br>• કમ્પ્યુટર સિસ્ટમનાં મૂળભૂત ઘટકો (Basic Components of Computer System)<br>• ઓપરેટિંગ સિસ્ટમ અને ફાઇલ મેનેજમેન્ટ (Operating System & File Management)<br>• એમ.એસ. ઓફીસ (MS Office)<br>• ઈન્ટરનેટ અને બેઝીક નેટવર્કિંગ (Internet and basic Networking) (Local Area Network (LAN), Wide Area Network (WAN))<br>• વર્લ્ડ વાઈડ વેબ અને વેબસાઈટસ (World Wide Web and Websites)<br>• ઈ-મેઈલના મૂળભૂત મુદ્દાઓ (Basics of E-mail)<br>• સાઇબર સુરક્ષા અને ડિજિટલ જાગૃતિ (Cyber Security & Digital Awareness) | ૧૦ | |

| | | | |
|---|---|---|---|
| ૬ | **સંબંધિત જગ્યા/વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો**<br>**(Question related to the concerned post/subject and its utility)**<br>• મીટીંગ મેનેજમેન્ટ એજન્ડા, મિનિટ્સ, અનુસંધાન કાર્યવાહી (Meeting Management: Agenda preparation, Minutes writing, and Follow-up Action)<br>• ગુપ્ત અને અતિગુપ્ત દસ્તાવેજોની સંભાળ અને ગોપનીયતા (Handling of Confidential and Classified Documents)<br>• જાહેર પ્રશાસન (Public Administration)<br>• કચેરી કાર્યપદ્ધતી (Office Procedure)<br>• ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો (The Gujarat Civil Services Classification and Recruitment (General Rules)<br>• અનામત નીતિ (Reservation Policy)<br>• ગુજરાત મુલ્કી સેવા નિયમોની વિવિધ જોગવાઈઓ (Various provisions of GCSR)<br>• ગુજરાત રાજ્ય તબીબી સારવાર નિયમો (Gujarat State Medical Treatment Rules)<br>• ખરીદી, પ્રોક્યોરમેન્ટ અને ખર્ચ સંબંધિત જોગવાઈઓ (Provisions of Purchase, Procurement and Expenditures)<br>• માહિતીનો અધિકાર (RTI) (Right to Information)<br>• શિક્ષણનો અધિકાર (Right to Education-RTE)<br>• ડિજિટલ ભારત (Digital India)<br>• રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ (NEP-2020 Policy)<br>• ભારતની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી (Higher Education System in India)<br>• ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની વૈધાનિક સંસ્થાઓ (Statutory bodies in Higher Education<br>• રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદ NAAC (National Assessment and Accreditation Council)<br>• રાષ્ટ્રીય સંસ્થાકીય ક્રમનિર્ધારણ માળખું (NIRF) (National Institutional Ranking Framework)<br>• ગુજરાત રાજ્ય સંસ્થાકીય ક્રમનિર્ધારણ માળખું (GSIRF) (Gujarat<br>• State Institutional Ranking Framework)<br>• યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ (UGC Act)<br>• પ્રધાનમંત્રી ઉચ્ચતર શિક્ષા અભિયાન (PM-USHA)<br>• નોલેજ કન્સોશિયમ ઓફ ગુજરાત (KCG) (Knowledge Consortium of Gujarat)<br>• ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ-૨૦૨૩ (Gujarat Public Universities Act, 2023)<br>• ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪ (Gujarat Public Universities Uniform Statutes, 2024) | ૩૫ | |
| | **કુલ ગુણ** | ૧૦૦ | |